દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
સોમવાર ૧૦ નવેમ્બર, ૨૦૨૫

ડોક્ટરોના વેશમાં લોકો વચ્ચે રહેતા આતંકવાદીઓથી ચેતવા જેવું છે

ડોક્ટરને ભારતમાં ભગવાન તરીકે પૂજવામાં આવે છે. આજના જમાનામાં ભલે તબીબનું બિલ ગમે તેટલું મોટુ આવે તો પણ તેમને દર્દી અને તેમના સગાવહાલા ડોક્ટર સાહેબ જ કહે છે. પરંતુ હવે એ માનવું ભૂલભરેલું છે કારણ કે, તબીબના વેશમાં હવે આતંકવાદીઓ આપણી વચ્ચે રહે છે. જમ્મુ અને કાશ્મીરના શ્રીનગરમાં અનંતનાગના ભૂતપૂર્વ સરકારી ડોક્ટર આદિલ અહેમદ રાથેરના લોકરમાંથી AK-47 રાઇફલ મળી આવતા સનસનાટી મચી ગઈ હતી. આદિલે 24 ઓક્ટોબર, 2024 સુધી GMC અનંતનાગમાં સેવા આપી હતી. તે અનંતનાગના જલગુંડનો રહેવાસી છે. આ મામલે નૌગામ પોલીસ સ્ટેશનમાં ભારતીય દંડ સંહિતા અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) ની વિવિધ કલમો હેઠળ FIR નંબર 162/2025 હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસ અને તપાસ એજન્સીઓ આ મામલાની ગંભીરતાથી તપાસ કરી રહી છે. આદિલ અહેમદ રાથેર સામે આવા હથિયાર રાખવા અને આતંકવાદી પ્રવૃત્તિઓમાં તેની સંડોવણીનો કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસ તેના કબજામાંથી જપ્ત કરાયેલા હથિયાર અને અન્ય પુરાવાઓની સમીક્ષા કરશે અને ગુનેગારો સામે કડક કાર્યવાહી કરશે. AK-47 રાઇફલ મળી આવી છે. ડોક્ટરના લોકરમાંથી AK-47 રાઇફલ મળી આવવી એ સુરક્ષા દળો માટે એક મોટી સિદ્ધિ છે. આ ઘટના દર્શાવે છે કે આવા શસ્ત્રો સુરક્ષિત સ્થળોએ કેવી રીતે છુપાવી શકાય છે. શ્રીનગર પોલીસે આરોપીની અટકાયત કરી છે અને વિગતવાર પૂછપરછ શરૂ કરી છે. તપાસમાં ડિજિટલ અને ભૌતિક પુરાવા એકત્રિત કરવામાં આવી રહ્યા છે. આ કેસ રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા અને સુરક્ષા માટે ગંભીર ખતરો ઉભો કરે છે. પરિણામે, પોલીસ ઉચ્ચ સતર્કતા પર છે અને આતંકવાદી સમર્થકોને પકડવા માટે સખત મહેનત કરી રહી છે. આ પહેલા ઉત્તર પ્રદેશના સહારનપુર જિલ્લાની એક ખાનગી હોસ્પિટલમાં તૈનાત ડો. આદિલ અહેમદ રાથર પર ગંભીર આરોપો લગાવવામાં આવ્યા છે. તેમના પર આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના પોસ્ટર લગાવવાનો આરોપ છે. શ્રીનગર પોલીસે ગુરુવારે મોડી સાંજે ડોક્ટરની ધરપકડ કરી હતી અને તેમને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર જમ્મુ-કાશ્મીર લઈ ગઈ હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે સીસીટીવી ફૂટેજના આધારે ડોક્ટરની ઓળખ થઈ છે. માહિતી અનુસાર, ધરપકડ કરાયેલ ડો. આદિલ અહેમદ રાથર જમ્મુ-કાશ્મીરના અનંતનાગનો રહેવાસી છે. તે સહારનપુરના અંબાલા રોડ પર એક ખાનગી હોસ્પિટલમાં મેડિસિન નિષ્ણાત તરીકે તૈનાત હતો. થોડા દિવસો પહેલા શ્રીનગરના અનેક વિસ્તારોમાં જૈશ-એ-મોહમ્મદને સમર્થન આપતા પોસ્ટરો લગાવવામાં આવ્યા હતા, જેના કારણે શહેરમાં તણાવ ફેલાયો હતો. 28 ઓક્ટોબરે પોલીસે આ કેસમાં અજાણ્યા વ્યક્તિઓ સામે એફઆઈઆર નોંધી હતી. તપાસ દરમિયાન, શ્રીનગર પોલીસે નજીકના સીસીટીવી કેમેરાના ફૂટેજની તપાસ કરી, જેમાં આરોપી ડોક્ટર પોસ્ટર લગાવતો કેદ થયો. ત્યારબાદ પોલીસે આરોપીની ઓળખ કરી અને તેના વતન ગામ અનંતનાગમાં તેના પરિવારની પૂછપરછ કરી. મોબાઇલ સર્વેલન્સ દ્વારા ડોક્ટરનું સ્થાન સહારનપુરમાં ટ્રેસ કરવામાં આવ્યું, જેના કારણે પોલીસ ટીમ તાત્કાલિક કામે લાગી ગઈ. શ્રીનગર પોલીસ ટીમે સ્થાનિક પોલીસ અને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG) ની મદદથી, અંબાલા રોડ પરની એક હોસ્પિટલમાંથી ડોક્ટરની અટકાયત કરી. ત્યારબાદ આરોપીને સદર બજાર પોલીસ સ્ટેશનમાં રજૂ કરવામાં આવ્યો, જ્યાં કોર્ટે તેને ટ્રાન્ઝિટ રિમાન્ડ પર શ્રીનગર પોલીસને સોંપ્યો. શ્રીનગર પોલીસ હાલમાં આરોપી ડોક્ટરની પૂછપરછ કરી રહી છે. ડોક્ટરે ગયા મહિને જ સહારનપુરની એક મહિલા ડોક્ટર સાથે લગ્ન કર્યા હતા. આ ઘટના બાદ, સ્થાનિક ગુપ્તચર એકમ અને પોલીસ વહીવટીતંત્ર સતર્ક થઈ ગયું છે. શ્રીનગરથી મુસાફરી કરતા ડોક્ટરો અને અન્ય વ્યક્તિઓની તપાસ શરૂ કરવામાં આવી છે. એવું જાણવા મળ્યું છે કે સહારનપુરની ઘણી ખાનગી હોસ્પિટલો જમ્મુ અને કાશ્મીરના લોકોને રોજગારી આપે છે, જે હવે સુરક્ષા એજન્સીઓ દ્વારા ખાસ દેખરેખ હેઠળ છે. જ્યારે ત્રીજી ઘટનાની વાત કરીએ તો ગુજરાત કે દેશના કોઈ ભાગમાં મોટો આતંકીવાદી હુમલો કરવાની તૈયારીમાં રહેલા ISISના ત્રણ આતંકીઓને ગુજરાત ATSએ ગાંધીનગર અને બનાસકાંઠા જિલ્લામાંથી ઝડપી પાડ્યા છે. ઝડપાયેલા ત્રણ આરોપીઓ પૈકીના એક ડો. સૈયદ અહેમદનો ખતરનાક ઈરાદો હોવાનો ઘટસ્ફોટ થયો છે. ચીનમાં તબીબી અભ્યાસ કરનાર ડો. સૈયદના પાકિસ્તાનના કેટલાક લોકો સાથે સંપર્ક હતા. તે સાઈનાઈડથી ખતરનાક ઝેર બનાવી રહ્યો હતો. મોટું ફંડ એકત્ર કરી ગુજરાત કે દેશમાં મોટો આતંકી હુમલો કરવાનો તેનો ઈરાદો હોવાનું હતો. ઝડપાયેલા ત્રણેય ISKP(ઇસ્લામિક સ્ટેટ - ખોરાસાન પ્રાંત)થી પ્રભાવિત હોવાનો ઘટસ્ફોટ થયો છે. ડો. અહેમદ મોહ્યુદ્દીન સૈયદ મૂળ હૈદ્રાબાદનો રહેવાસી છે અને ગુજરાત તે હથિયાર કલેક્ટ કરવા આવ્યો હતો. આઝાદ સુલેમાન શેખ અને મોહમ્મદ સુહેલ નામના ચુપીના આતંકીઓએ રાજસ્થાનના હનુમાગઢથી હથિયારો મેળવીને ગાંધીનગરના કલોલ નજીકના એક કબ્રસ્તાનમાં છોડી દીધા હતા. જે ડો. અહેમદ સૈયદે કલેક્ટર કર્યા હતા. જો કે, તે હથિયારો લઈ પરત હૈદ્રાબાદ જાય તે પહેલા જ ATSએ તેને દબોચી લીધો હતો. ત્રણેય આતંકીઓ પાસેથી 3 વિદેશી બનાવટની પિસ્ટલ, 30 જીવતા કારતૂસ અને 4 લિટર કેસ્ટર ઓઈલ કબજે કરાયું છે.

પ્રવીણસિંહ ચાવડાની કેટલીક વાર્તાઓ વિશે...

વાર્તાઓ પસંદ કરવામાં વિષયનું વૈવિધ્ય, સંવેદનનું વૈવિધ્ય ઉપરાન્ત ભિન્ન ભિન્ન રૂચિસ્તરને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. હું આધુનિકેતર કહું છું એવા આ ગાળાના સર્જકોમાં કૂળ-મૂળ તરફ જવાનું વલણ સવિશેષ જોવા મળે છે. એ લાક્ષણિકતા આ વાર્તાઓમાં પ્રચૂરમાત્રામાં ઉપસી આવે છે

'પ્રવીણસિંહ ચાવડાને વાર્તા હાથવગી છે'- એવું વિધાન કરવામાં જરાં સરખો પણ સંકોચ ન થાય એવું સાતત્યભર્યો સર્જન ફલૉ રહ્યો છે. આમ તો એમણે નાની ઉમરે લખવાની શરૂઆત કરેલી પણ એ પોતે મહત્ત્વપૂર્ણ તબક્કો અંદાજે 1998ની આસપાસ શરૂ થાય છે એને ગણે છે. પછીના સવા-દોઢ દાયકામાં જ એમની વાર્તાઓની સંખ્યા સદી વટાવી જાય છે. 11 જેટલા સમૃદ્ધ કહી શકાય એવા વાર્તાસંગ્રહો પ્રગટ થઈ ચૂક્યા છે. ઉપરાન્ત સંપાદનો અને સામયિકોમાં એમની વાર્તાઓ પ્રગટ થઈ રહી છે. 1985 પછીના ગુજરાતી સાહિત્યના સમયગાળાને 'અનુઆધુનિક'સમયગાળો ગણવાના પ્રયાસો થઈ રહ્યાં છે એમાં પ્રવીણસિંહ ચાવડાનું પ્રદાન અવગણી શકાય એમ નથી. સંખ્યા અને ગુણવત્તા બંન્ને દૃષ્ટિએ એમની વાર્તાઓ ધ્યાન ખેંચે છે.

સ્થળની મર્યાદાને ધ્યાનમાં રાખીને એમની વૈવિધ્યસભર વાર્તામુદ્રાઓથી ભાવક અવગત થાય એવા આશયથી અહીં માત્ર દસ વાર્તાઓ પસંદ કરવામાં આવી છે. આ પસંદગી સ્વાભાવિક જ અંતિમ નથી, ન હોઈ શકે. આ સંપાદનમાં એમની અનેક મજબૂત વાર્તાઓ લેવાની રહી ગઈ છે એ આરંભે જ સ્વીકારું છું.

વાર્તાઓ પસંદ કરવામાં વિષયનું વૈવિધ્ય, સંવેદનનું વૈવિધ્ય ઉપરાન્ત ભિન્ન ભિન્ન રૂચિસ્તરને ધ્યાનમાં રાખવામાં આવ્યા છે. હું આધુનિકેતર કહું છું એવા આ ગાળાના સર્જકોમાં કૂળ-મૂળ તરફ જવાનું વલણ સવિશેષ જોવા મળે છે. એ લાક્ષણિકતા આ વાર્તાઓમાં પ્રચૂરમાત્રામાં ઉપસી આવે છે. આમ તો મૂળે અંગ્રેજી સાહિત્યના અધ્યાપક એવા આ લેખકને વિશ્વભરના સાહિત્યનો વાર્તાસમૃદ્ધિનો સાતત્યભર્યો સંપર્ક રહ્યો છે. ટૂંકીવાર્તાની પરંપરા અને વિવિધ તબક્કાના વાદ-વિચાર, વલણોને એ બરાબર જાણે છે, એનો અભ્યાસ કર્યો છે. પણ એની સીધી અસરો ઝીલ્યા વિના ય સાફ-સુથરી અને સરળ કથનથી કઈ રીતે કલાત્મક વાર્તા નિપજાવી શકાય ? - એના નમૂનારૂપ આ વાર્તાઓને જોઈ શકાય.

ફ્લેશબેકની પ્રયુક્તિએ આલેખાયેલ વાર્તા'જનારી'માંએના નાયકના ચિત્ત પર બાળવયે આગવી રીતે અંકિત થઈ ગયેલ પડોશણ વિધવા ભાભીની છાપ એના તેજસ્વી, મધુર અને કોમળ સ્વભાવથી અંકિત છે. એની સામે ગામલોકો એ સ્ત્રીને સારી છાપથી નથી ઓળખતા કેમકે, એક દિવસ અચાનક જ કોઈ સાથે ગાયબ થઈ ગયેલી. એ લંપટ અને ખરાબ ચારિત્યની સ્ત્રી તરીકેની જાહેર છાપ ધરાવે છે. આ વિરોધાભાસ સરસ રીતે વાર્તામાં ઉપસી આવ્યો છે. પ્રૌઢ વયે પહોંચેલાં સંપન્ન નાયકની ગેરહાજરીમાં અચાનક જ ઘરે આવી ચડેલી અજાણી સ્ત્રી નાયકની પત્નીને મળીને પાછી ગાયબ પણ થઈ જાય છે. - આ ઘટના આપણાં ચિત્તમાં સાવ આછા લસરકે પણ એક ભવ્ય અને નિર્મળ સ્નેહની ઝાંખી કરાવી જાય છે.

'દૂત'વાર્તામાંછૂટાછેડા થયા પછીનો ઘણો સમય વિતી ગયા પછી સાવ છેવાડાના નાનકડાં ગામમાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી રંજુ એની એક દિકરી સાથે જીવનમાં વ્યસ્ત છે. ત્યારે એને મળવા આવી ચડેલ એક અજાણ્યી વ્યક્તિ મોટા માનસિક વમળો સર્જે છે- એની આછી હલકી-ફૂલકી ઘટના આ વાર્તાને બહુ પરિમાણીય બનાવે છે. અંત ખૂલ્લો રાખવામાં આ વાર્તાકારને મજા પડે છે. ભાવક માટે વિચારવાની સ્પેશ આપવાની ટેક્નિક પ્રવીણસિંહની આગવી પદ્ધતિ પણ બની રહે છે. આવી સ્પેશ અનેક વાર્તાઓમાં સરસ રીતે ગૂંથાઈ છે.

કોઈને પણ ગમી જાય એવી સરળ કથનમાં કહેવાયેલી રચના 'ચાકરી'. પોતાના સ્વજનોથી દૂર, સાવ સુકાભંઠ એવા વેરાન ગામમાં જેનું પહેલું પોસ્ટિંગ થયું છે એવા જંગલખાતાના અધિકારી મિહિરનો અનુભવ મમળાવવો ગમે. કામવાળી તરીકે આવેલી ઉગમ થોડા જ સમયમાં કઈ રીતે મિહિરને સહજ રીતે સમાવી લે છે- એની વાત રસાળ રીતે ગૂંથાઈ આવી છે. વાર્તાના અંતે વાચક ગૂંચમાં ફસાઈ જાય કે, દરેક સાહેબ સાથે આવું હેતાળપણું એ લાવતી ક્યાંથી હશે..?

'કોઈના નસીબમાં શીઘ્રતા છે'- જેવું લાંબુ શીર્ષક ધરાવતી વાર્તામાં એકાધિક પરિમાણો સર્જાયા છે. દેવશંકર મહારાજનું પરંપરાગત પંડિતપણું ઉપરાન્ત પછીથી પ્રગટતું લંપટ વ્યક્તિત્વ. પુત્ર વાસુદેવની બાઘાઈ આછા પણ મજબૂત લસરકે આલેખીને ભૂમિકા તૈયાર કર્યા પછી પ્રવેશતી વાસુની પત્ની એવી નાયિકા વાર્તામાં છવાઈ જાય છે. એ જીવનરસથી ભરપૂર ગોરાણીને લાભ લેતા આવડે છે. શહેરમાં થયેલ ઉછેર ગામડામાં બરાબર કામે લાગ્યો..! - એને કશી લોકલાજ નડી નથી. ચાર- ચાર પુરુષોને એ જે રીતે નચાવે છે તે તેની શીઘ્રતાને પ્રગટ કરે છે. વાર્તા બોલકી હોવા છતાં મજાની બની રહે.

'બદામી રંગનો કોટ અને છત્રી'- વાર્તામાં નાયિકા કીર્તિની બાળપણની ઘટનાનું સન્ધાન વર્તમાન સાથે કઈ રીતે સંધાય છે ને એને ખોતરીને જે ભાતીગળ જીવનલીલા પ્રગટ થાય છે તે વાચકને પોતાના આશ્વેષમાં લીધા વિના છોડે તેમ નથી.

'માણેકગઢની લડાઈ'માં ખોવાઈ ગયેલો ભૂતકાળ, વટ અને વીરત્વની ઘટનાને કઈ રીતે વિસારે પાડી દેતા હોઈએ છીએ એની દર્દ જન્માવી દેનારી ઘટના એટલે માણેકગઢની લડાઈ. ભૂતકાળ એ કદીએ ન ભરાય એવો કૂવો છે. એમની વાર્તામાં આ સ્વર વારંવાર આવતો રહ્યો છે. કાકાબાપુનું આગમન અને એમની ઇતિહાસને, ખાસ તો આગલી પેઢીના સંઘર્ષને સાચવી લેવાની લાલસા અહીં અનેકરંગે આલેખાઈ છે. એમાં હાસ્યરસ તો છે જ પણ એની પડછે નર્યો કરુણ નીતરે છે. નવી પેઢીની નવી દૃષ્ટિ શું ગુમાવી રહી છે એનો વલોપાત ન પકડાય તો જ નવાઈ.

'ઓળા'વાર્તામાં જીવનભર કોઈ નાતો જ બંધાયો નથી એવા પિતા-પુત્રનો નાતો પિતાના મરણ પછી ક્રમશઃ રીતે પ્રગટી આવે છે તે અને એનાથી ભાવકને પકડાય કે એ બંને વચ્ચે, અંતિમ ભાગે કરાયેલ સંકેત મુજબ ભવિષ્યની પેઢી વચ્ચેય કેવો મજબૂત બંધાયેલો હોય છે..! એની વાત વાર્તાને અર્થગહન બનાવે છે. ગુજરાતી સંસ્કૃતિના પરિવેશની અજીબ લીલા પ્રગટી છે.

મા તે મા ની ગાઈ વગાડીને કરાતી પૂજાની સામે આ આ વાર્તા બત્તી ધરે છે. માને પણ ઉપયોગનું સાધન બનાવી દેનાર આપણી સામાજિક વ્યવસ્થા પરનો કટાક્ષ કોઈપણ રીતે બોલકા બન્યા સિવાય આ વાર્તાકારે ચૂસ્ત બંધ સાથે આલેખી આપ્યો છે. સુન્દરમ્-ની 'ખોલકી'વાર્તા જેવો જ ચૂસ્ત બંધ ધરાવતી આ વાર્તા ભવકને સ્તબ્ધ કરી દેનારી નીવડે.

'મકાન વેચવાનું છે'વાર્તા નવી ને જૂની પેઢી, એના સંબંધોની ભાત, લોકલ અને એન.આર.આઈ. વચ્ચેના સંબંધો, ઇત્યાદિ પરિમાણોને એક સાથે બાથમાં લે છે. તેમ છતાં હળવાશની લકીર છેક સુધી નિભાવી રાખી છે. અંતે જે ચોટ આવે છે તે આપણા સમયમાં જેના સંતાનો વિદેશમાં સ્થાયી થયા હોવાથી એકલવાયા થઈ જતાં વૃદ્ધોની હાલતને ગૂંથી આપે છે. મજાની વાર્તા.

'અડધી રજા'વાર્તાના નાયક નાયિકા ભૂતકાળના પ્રેમીઓ છે. સ્વેચ્છાએ કે પરિસ્થિતિને કારણે વિચ્છેદ પામીને અન્ય વ્યક્તિઓ સાથે જીવનમાં બરાબર ગોઠવાઈ ગયા છે. નાયક તોલાંબાગાળે વિધુર પણ થઈ ગયો ને પછી, વર્ષો પછી યોજાતું સૌથી ગોપિત એવું મિલન આ વાર્તામાં બંન્નેની સંવેદનાને, એમના જીવનની તરસને સાંકેતિક રીતે ઉપસાવી આપે છે. એક બીજાથી દૂર ને છતાં એકબીજામય હોવાની મજાની અનુભૂતિ આ વાર્તાને માણવાલાયક બનાવે છે.

આ દસેય વાર્તાઓ વિવિધ સ્થળ, પરિવેશ, પરિસ્થિત, સંવેદનનું વૈવિધ્ય અને આગવી છટાઓ સાથે ટટ્ટાર ઊભી ભાવકના ચિત્તને ઓળઘોળ કરવામાં સફળ રહે એવી છે. પ્રવીણસિંહ ચાવડા વાર્તાઓને બહુ પ્રયુક્તિઓથી આલેખતા નથી. ફ્લૅશબેકની પદ્ધતિ વધારે અનુકૂળ છે. નાયિકાઓ વિલક્ષણ અને તેજસ્વી છે. પ્રણય ત્રિકોણ, વિચ્છેદ અને પ્રેમના રૂપો મજેથી આલેખે છે. સાથો સાથ વૃદ્ધાઓ, વૃદ્ધોની સંવેદનાઓને આલેખે ત્યારે એ વધારે સફળ થતા અનુભવાય છે. એ વાર્તાને પરંપરાગત પદ્ધતિએ આલેખવી પસંદ કરે છે, પણ અંદરનું સંવેદનવિશ્વ પરંપરાગત નથી. એમાં આ વર્તમાન સમય, સંસ્કાર અને મર્યાદાઓ બખુબી ઝીલાયા છે.

અક્ષરની આરાધના
સંપાદનઃ નરેશ શુક્લ

(પ્રવીણસિંહ ચાવડા, (ટૂંકી વાર્તા) મુખ્ય સં. મણિલાલ હ. પટેલ, પ્રકા. એકત્ર ફાઈન્ડેશન, 2023, ઓનલાઈન અવેલેબલ)

સ્મરણોનાં આભુષણ...

આ મજાનાં સંસ્મરણોનો ગ્રંથ સર્જાવા પાછળનું વિચાર-બીજ મજાનું છે. જૂઓ- ગુજરાતમાં મિત્રો અને સગાંવહાલાંઓને પણ સમાજાવવાનું મુશ્કેલ કે તેઓની માન્યતાઓ અનુભવના સત્યથી દૂર છે. હા એ હા કરવી ગમે નહીં અને વૅકેશનમાં આનંદ કરવા જઈએ ત્યારે અહીંના સંઘર્ષોની વાત કરવાનું મન પણ ન થાય. થોડા સમય પછી એવી સ્થિતિ થઈ કે અમેરિકામાં કોઈ ભારતની ટીકા કરે તે ન ગમે અ ગુજરાતમાં રહી કોઈ અમેરિકાની ટીકા કરે તે પણ આકરી લાગે. આ કારણે મારા અનુભવો લખવાનો વિચાર ઘણા વખતથી હતો. અહીં વસેલા અન્ય ગુજરાતીઓના અનુભવોની વાતો સાંભળીને એમના પ્રત્યે આદર વધે અને એમની વાત પણ બીજાને કહેવાનું મન થાય.- આ વિચારે સ્મૃતિસંપદા નામનું આ પુસ્તક સર્જાયું છે અને વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા સરસ રીતે પ્રકાશિત કરવામાં આવ્યું છે.

કુલ 15 જેટલા ગુજરાતીઓએ પોતાનાં સંસ્મરણો લખ્યા છે. એમાં બે-પાંચ જાણીતા લેખકો છે જ્યારે બીજા છે ત્યાં વસીને વૈવિધ્યસભર પ્રવૃત્તિઓ કરીને નામનાં મેળવનાર મહાનુભાવો. જેમ કે, પહેલા જ વાત કરવી પડે એવા નટવર ગાંધી. અમેરિકાના ન્યુજર્સી અને વૉશિંગ્ટન ડી.સી. જેવા મહત્ત્વપૂર્ણ શહેરોની નાણાકીય સ્થિતિને સદ્ધર બનાવવામાં જેમને અનન્ય ફાળો છે એવા નટવર ગાંધીએ મુંબઈમાં સાવ સામાન્ય ગુમાસ્તાથી નોકરીની શરૂઆત કરીને અમેરિકાની રાજધાની એવા વૉશિંગ્ટન ડી.સી.ના ચીફ ફાઈનાન્સિયલ ઓફિસર સુધીની સફર સફળ રીતે ખેડી એટલું જ નહીં, એક તરફ ભ્રષ્ટાચારના આરોપોની નાલેશીજનક તપાસ અને બીજી બાજુ અનેક એવોર્ડથી સન્માનિત થયેલા નટવર ગાંધીનું દૃઢ મનોબળ અને સ્વસ્થ સમજની દાદ આપવી પડે.

ત્યાંના રાજકારણીઓ, પત્રકારો અને ભ્રષ્ટાચારનું તંત્ર ગોઠવી બેઠેલા સ્થાનિકોની વચ્ચે ઘેરાયેલા ગાંધી ઉજ્જવળ અને બેદાગ રીતે બહાર નીકળી આવે છે- તે આખુંય પ્રકરણ પહેલા ગાંધીની યાદ અપાવે એવું છે. સાવ નમ્ર અને સાદગીપૂર્ણ રજૂઆતવાળા એમના આત્મકથનમાંથી મુઠ્ઠી ઊંચેરો બીજો ગાંધી આપણને પ્રાપ્ત થાય છે. તો પ્રીતિ સેનગુપ્તાને કયો ગુજરાતી ન ઓળખે... ગુજરાતમાં જન્મેલાં પ્રીતિ બહેને કમાલના રેકોર્ડ્ઝ સ્થાપ્યા છે. એકલવીર આ નારી દુનીયાની એવી એવી જગ્યાએ ફરી છે જ્યાં જવાનું કોઈ ભડભાદર પણ ન વિચારે. ઉત્તર ધ્રુવને ય બાકી રાખ્યો નથી. એક સો દસ આસ-પાસના દેશોના એમણે કરેલ પ્રવાસોનો સાતત્યપૂર્ણ અને આગવી શૈલીમાં ચિતાર આપવા બદલ એમને ગુજરાતના લગભગ બધા જ સાહિત્યિક એવોર્ડ પ્રાપ્ત થયા છે. એમના આ લેખમાં એમણે આખીએ યાત્રા



આલેખી આપી છે. બાળપણથી આરંભીને વિશ્વપ્રવાસી મહિલા થવાનો ગ્રાફ કેટલો તો બહુ આયામી છે તે આ લેખ જોવાથી ખ્યાલ આવે. એ માત્ર પ્રવાસી નથી, કવિ, અભિનય, સંગીતના ભાવક, ઉમદા ગૃહિણી, મળતાવડી મહિલાથી માંડી અનેક ગુણોથી સંપન્ન થવા ઉપરાન્ત જગતભરના કલાકારો, સંગીતકારો, પ્રવાસીઓ, સામાન્યથી માંડી અસામાન્ય વ્યક્તિઓ સાથે કેળવેલ નાતો એમનાં વ્યક્તિત્વને ઉભારી આપે છે.

બાબુ સુથારનો લેખ વાંચીએ ત્યારે એમણે કરેલ સંઘર્ષનો ખ્યાલ તો આવે જ છે સાથોસાથ એમણે જીવનને કેવી શ્રદ્ધાથી જીવવાનો માર્ગ પસંદ કર્યા પછી વળગી રહ્યા છે એ અચંબિત કરી નાંખનારું નીવડે. બાળપણમાં વેઠેલ ગરીબી અને એમાંથી ક્રમશઃ થતો ગયેલો વિકાસ અને એની સાથે સતત બખેડામય રહેવાનો એમનો સ્વભાવ, સાહિત્ય અને વિશ્વસાહિત્ય સાથે એમણે કેળવેલ ઘરોબો એમને અનન્ય ઠેરવે છે. ડાકોરમાં જન્મેલા ડૉ. જયંત મહેતા, ડૉ. કમલેશ લુલ્લા જેવા પોતપોતાના ક્ષેત્રમાં તો કાર્યરત છે જ સાથોસાથ કળા અને સાહિત્ય સાથેનો નાતો જે રીતે અભિવ્યક્ત કરવા સાથે જન્મભૂમિ સાથેનું જોડાણ જે પ્રકારે અનુભવે છે તે લેખોમાં અસરકારક રીતે ઉપસી આવ્યું છે. નાસાના રિસર્ચ સેન્ટરમાં વૈજ્ઞાનિક તરીકે સક્રિય રહેલા ડૉ. દિનેશ ઓ.શાહનો લેખ એમની ઝૂઝારુ વૃત્તિને ઉપસાવે છે. મૂળ મરાઠી પણ જન્મે અને પછીથી સવાયા ગુજરાતી એવા અશોક વિદ્વાન્સના લેખમાં એમના વિચારો અને ખાસ કરીને ગુજરાતી સમાજની મર્યાદાઓ, વિશેષતાઓ, સંઘર્ષો ઇત્યાદિ વિશેની વિચારણા પણ મળે છે. સોનગઢના એમના સંસ્મરણો વધારે મજા કરાવે એવા છે. એમણે તારવેલા કેટલાક વન લાઈનરમાં અમેરિકા અને ભારતીય સમાજની વિલક્ષણતાઓ ઝીલાઈ છે.

આ પુસ્તકના સંપાદક એવા રેખા સિંધલની વાત કરીએ તો ગીરના નેસડાઓમાંથી અને ખાસ તો ભરવાડ જેવી વિચરતી જાતિમાંથી આવેલ આ સ્ત્રીએ કમાલ કર્યો છે. એમનો લેખ રસપૂર્ણ બની રહે છે એની પ્રવાહી અને અસરકારક ભાષાશૈલીથી. અમેરિકામાં પ્રવેશ્યા પછી તરત જ આવી પડેલ સંઘર્ષની સ્થિતિ અને કરેલ સ્ટ્રગલ જે રીતે આલેખ્યો છે એમાં એમનું સંવેદનશલ વ્યક્તિત્વની સાથે મનોબળ પણ ઉપસી આવે છે. વિજ્ઞાન-ગણિત- લેબ અને ઘર-કુટુંબ વચ્ચે સાધેલ સમતોલન અને પછીથી મનગતમી પ્રવૃત્તિમાં એમનામાં રહેલ શિક્ષક જે રીતે પ્રગટે છે તે આ લેખને મજાનો બનાવે છે.

દળદાર અને સમૃદ્ધ એવું આ પુસ્તક ગુજરાતીઓના વતનઝૂરાપાને જ નહીં, એમણે કરેલ આત્મસંઘર્ષ અને ટકવાની મથામણનો ઝીણવટભર્યો ગ્રાફ પણ રજૂ કરે છે. એ લોકોની સફળતા માત્ર આર્થિક સમૃદ્ધિ પ્રાપ્ત કરવા પૂરતી સિમિત નથી રહી, જિંદગીને જે રીતે માણી, જાણી અને પ્રમાણ્યા પછી જે લાધ્યું છે એ અહીં લેખોમાં મૂકી આપ્યું છે. એ આવનારાઓ માટે દિવાદાંડી પણ બને, મોટિવેશનલ મટિરિયલ પણ બને અને ખૂમારીથી અમેરિકામાં સ્થાન જમાવનાર વિભૂતિઓ રૂપે પણ આપણને ગૌરવ અપાવે એમ છે. આ એ પેઢીનું પ્રતિનિધિત્વ છે જ્યારે હજી આજના જેવી કોમ્યુનિકેશન ટેક્નોલોજી નહોતી, નહોતી ભારતની મજબૂત એવી વિદેશ નીતિનો સપોર્ટ અને હજી વિદેશ આવા-ગમન આજ જેવું સહજ નહોતું ત્યારે આ સાહસિકોએ ખેડેલું સાહસ છે. એમણે જે પ્લેટફોર્મ રચી આપ્યું, એમણે જે અમેરિકન સમાજમાં ભૂમિકા ભજવીને ભરોસો જીત્યો એના મીઠા ફળ આજની પેઢી લઈ રહી છે - એમ કહેવામાં જરાં પણ અતિશયોક્તિ લાગતી નથી. અહીંના અને દરીયાપાર બેઠેલા સૌ કોઈએ વાંચવા અને મમળાવવા જેવું છે એ પુસ્તક.

દળદાર અને સમૃદ્ધ એવું આ પુસ્તક ગુજરાતીઓના વતનઝૂરાપાને જ નહીં, એમણે કરેલ આત્મસંઘર્ષ અને ટકવાની મથામણનો ઝીણવટભર્યો ગ્રાફ પણ રજૂ કરે છે. એ લોકોની સફળતા માત્ર આર્થિક સમૃદ્ધિ પ્રાપ્ત કરવા પૂરતી સિમિત નથી રહી, જિંદગીને જે રીતે માણી, જાણી અને પ્રમાણ્યા પછી જે લાધ્યું છે એ અહીં લેખોમાં મૂકી આપ્યું છે

(સ્મૃતિસંપદા-અમેરિકા નિવાસી ગુજરાતીઓની જીવનગાથા, સંપા. રેખા સિંધલ, પ્ર.આ. 2023, પ્ર.ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, 51।2, રમેશ પાર્ક સોસાયટી પાસે, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ-380013, પૃ. 316, કિં.300.00, પાકું પૂંઠું)

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

વાંચન, લેખન અને ગણન અભિયાન

કેન્દ્ર સરકારના એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ દ્વારા રજૂ થયેલા 'પરખ' રાષ્ટ્રીય સર્વેક્ષણ 2024ના અહેવાલ અનુસાર ગુજરાતનું શિક્ષણ તળિયે જતા હવે વાંચન, લેખન અને ગણન અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ રિપોર્ટ મુજબ આપણા ગુજરાતે દેશના પ્રથમ 10 નબળા રાજ્યની યાદીમાં સ્થાન મેળવતા ગુજરાતના શિક્ષણની પોલ ખુલી ગઈ છે. પરિપત્ર અનુસાર છઠ્ઠી નવેમ્બરથી 14 નવેમ્બર સુધી ધોરણ ત્રણથી આઠના વિદ્યાર્થીઓને માત્ર વાંચન, લેખન અને ગણન કરાવવામાં આવશે. ગુજરાતનું શિક્ષણ ખાડે કેમ ગયું છે? તે સૌ કોઈ જાણે છે. જો આપણા ગુજરાત રાજ્યના શિક્ષણનું સ્તર સુધારવું હોય તો શિક્ષકોને ફક્ત ભણાવવાની જ જવાબદારી સોંપવી જોઈએ. કેટલીક વખત તો એવું લાગે છે કે આજનો શિક્ષક એ શિક્ષક તરીકે નહીં પરંતુ મજૂર તરીકે કાર્ય કરી રહ્યો હોય એવું ચિત્ર ઉપસી રહ્યું છે. ગુજરાત સરકાર દ્વારા એજ્યુકેશન પાછળ જે ખર્ચ કરે છે તેનું વળતર તો મળતું જ નથી, ઉલટાનું શિક્ષણનું સ્તર દિવસે દિવસે કથળી રહ્યું છે. વાલીઓ આ બધી જ બાબતોથી વાકેફ છે. ત્યારે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે વાલીઓ કુંભકર્ણની નિંદ્રામાંથી ક્યારે જાગશે? ગુજરાત રાજ્યના પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા પણ શિક્ષકોને ઈતર પ્રવૃત્તિઓમાંથી મુક્તિ આપવાની માંગ કરવામાં આવી છે પરંતુ સરકારના બહેરા કાને એ અથડાય છે. આ પરિસ્થિતિમાં ક્યાંથી ભણે ગુજરાત?

નવસારી - ડૉ. જે. એમ. નાયક

સંગીતના સાત સૂરોને સાર્થક કરો

સૌ કોઈને સુખમય, નિરામય અને દીર્ઘાયુ જીવન માણવાની ઈચ્છા રહેતી હોય છે. પરંતુ આજના યુગમાં થોડું મુશ્કેલ બની રહે છે, જેને સરળ બનાવવા સંગીતના સાત સૂરોને જીવનમાં આ રીતે સ્વરબધ્ધ કરીએ તો જીવનરૂપી સંગીત, સૂરમય અને કર્ણપ્રિય રહે. સારા મિત્રો, સારી ટેવો અને સારા વિચારો ખૂબ જ જરૂરી છે. જી